GJBK010007842026

## આંક–૧ તળે હુકમ

(૧) સાંભળ્યા, અરજી તથા સામેલ દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી કાગળો વંચાણે લીધા.

(૨) અરજદારોએ હાલની અરજી કરી, આ કામે અરજદારોના નામે ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ(હાઇ પંજાબ નેશનલ બેંક), પાલનપુર શાખામાં ફીકસ ડીપોઝીટ તરીકે જમા નાણાં ચુકવી આપવા બેંકને હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે અરજદારોની અરજી તળેનો રજીસ્ટ્રીનો શેરો વંચાણે લેતાં આ કામે સામાવાળા ધી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની લી. ધ્વારા ટ્રીબ્યુનલના હુકમથી નારાજ થઇ નામ. ગુજરાત હોઇકોર્ટમાં ફ.અપિલ નં.૧૮૧૨/૨૦૧૫ થી દાખલ કરેલ છે અને સદરહું અપીલ ફેસલ થયેલ છે. જે હુકમની નકલ નિ.૩/૩ થી અરજદારો તરફે રજુ થયેલ છે. સદરહું અપિલના વચગાળાના હુકમ અન્વયે સામાવાળાએ જમા કરાવેલ રકમ પૈકી અરજદારોના નામે ફીકસ ડીપોઝીટ કરાવવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ સામાવાળા વિમા કંપની તરફે કોઇ અપિલ કરેલ હોય તેવી રજુઆત નથી. તેમજ સામાવાળા વિ.વ.શ્રીએ અરજદારોને નામ. ગુજરાત હાઇકોર્ટના હુકમ મુજબ ફીકસ ડીપોઝીટના નાણાં ચુકવવામાં આવે તો વાંધો નથી તેવો શેરો અરજદારોની અરજી તળે કરેલ છે. આમ, અરજદારોને હાલ તેઓના નામે જે ફીકસ ડીપોઝીટો છે તેની મુદત પુર્ણ થયેલ હોય અને અપિલનો નિકાલ આવેલ હોય ફીકસ ડીપોઝીટના નાણાં ચુકવી આપવા બેંકને હુકમ કરવો યોગ્ય જણાતો હોવાથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારોની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદાર નં.૧–શારદાબેન મસરાજી માળી,અરજદાર નં.૨–હરસનભાઇ મસરાજી માળી, અરજદાર નં.૩–કાળુભાઇ મસરાજી માળી, અરજદાર નં.૪–જયોત્સનાબેન મસરાજી માળી,તમામ રહે.કીડોતર, તા.અમીરગઢ, જીલ્લો–બનાસકાંઠાઓના નામે એમ.એ.સી.પી. નં.૪૧૨/૨૦૦૧ ના કામે ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ(હાઇ પંજાબ નેશનલ બેંક), પાલનપુર શાખામાં અરજદારોના નામે અનુક્રમે ડીપોઝીટ રસીદ નં.૬૨૪૪૩૨૮, ૬૨૪૪૩૩૦, ૬૨૪૪૩૨૭, તથા ૬૨૪૪૩૨૯ જેની રકમ અનુક્રમે રૂ.૧,૦૩,૮૯૭/–, રૂ.૧,૦૩,૮૯૭/–, રૂ.૧,૦૩,૮૯૭/–, તથા રૂ.૧,૭૩,૧૬૨/– ની એફ.ડી. કરેલ જેની વ્યાજ સહીત મળવાપાત્ર રકમ જરૂરી ઓળખ લઇને અરજદારોને પરત આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હુકમ મુજબ બેંકને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર
તા.૧૦/૦૩/૨૦૨૬

**(પીયુષકુમાર અશોકભાઇ પટેલ)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.)
બનાસકાંઠા–પાલનપુર
જી.જે.૦૦૮૦૩